# ૩ જૂન -૨૦૧૬ (શુક્રવાર)

## (૧) વર્લ્ડ ફેમ-૧૦૦ પ્લેયર્સ

- તાજેતરમાં ઇએસપીએના દ્વારા વિશ્વના ૧૦૦ પ્રખ્યાત ખેલાડીઓની યાદી બહાર પડાઇ
- આ યાદીમાં ફુટબોલ, બાસ્કેટબોલ, ક્રિકેટ જેવી અલગ-અલગ રમતને આવરી લેવાઈ છે.
- વર્લ્ડ ફેમ- ૧૦૦ ની યાદીમાં ભારતના ૩ ખેલાડીઓને સ્થાન મળ્યું છે.
  (૧) વિરાટ કોહલી
  (૨) મહેન્દ્રસિંહ ધોની
  (૩) સાનિયા મિર્ઝા
- વિરાટ કોહલી આ યાદીમાં આઠમું સ્થાન લઇ ટોપ-૧૦માં રહેવા સફળ થયો હતો.
- ટોપ-૩

| નામ | દેશ | રમત |
|---|---|---|
| રોનાલ્ડો | પોર્ટુગલ | ફૂટબોલ |
| લેબ્રોનજેમ્સ | અમેરિકા | બાસ્કેટબોલ |
| મેસ્સી | આર્જેન્ટિના | ફૂટબોલ |

## (૨) દુનિયાની પ્રથમ થ્રીડી પ્રિન્ટરથી બનેલી ઓફીસ :

- તાજેતરમાં દુબઇમાં જગતની પ્રથમ થ્રીડી પ્રિન્ટર વડે બનેલી ઓફીસ ખુલ્લી મુકાઇ
- આ ઓફિસનું તમામ મટીરિયલ પ્રિન્ટર વડે તૈયાર થયેલું છે.
- થ્રીડી પ્રિન્ટર એ એવું પ્રિન્ટર છે, જેમાંથી કાગળની પ્રિન્ટ નિકળવાને બદલે નક્કી કરેલે પ્રોડક્ટ નીકળે છે.
- ઓફિસની છત, દિવાલો, ફર્નિચર સહિતની સામગ્રી પ્રિન્ટરમાંથી નીકળે છે.
- આ ઓફિસ બનાવવા માટે ૨૦ ફુટ ઉંચુ મુખ્ય અને બીજા નાના- નાના પ્રિન્ટરો વપરાયા હતા. અને ૧૭ દિવસમાં કાર્ય પૂર્ણ થયું હતું.
- ૨૭૦૦ ચો.ફૂટ વિસ્તારવાળી આ ઓફિસ બનાવતાં ૧,૪૦,૦૦૦ ડોલરનો ખર્ચ થયો.

## (૩) અમેરિકાની ૬૦ ધનવાન મહિલાઓમાં ભારતીય મૂળની બે મહિલાઓનો સમાવેશ

- પ્રખ્યાત મેગેઝીન ફોર્બ્સ દ્વારા અમેરિકાની ૬૦ ધનવાન ઉધોગસાહસિક મહિલાની યાદી બહાર પડાઇ.
- આ યાદીમાં ભારતીય મૂળની નીરજા શેટ્ટીને ૧૬ મુ સ્થાન તથા જયશ્રી ઉલ્લાસને ૩૦ મું સ્થાન મળ્યું છે.
- નીરજા શેટ્ટી સિન્ટેલ કંપનીની સહસ્થાપડ છે. જ્યારે જયશ્રી ઉલ્લાસ અરિસ્તા નેટવર્કના સીઇઓ છે.
- યાદીમાં પ્રથમ સ્થાને એબીસી સપ્લાયની માલિક ડાયના હેન્ડ્રક છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં ઇએસપીએન વર્લ્ડ હેમ-૧૦૦ ખેલાડીઓની યાદીમાં કેટલા ભારતીયોને સ્થાન મળ્યું ?
- ત્રણ

(૨) ઇએસપીએન વર્લ્ડ ફેમ-૧૦૦માં ક્યાં ભારતીય ખેલાડીને ટોપ-૧૦માં સ્થાન મળ્યું ?
- વિરાટ કોહલી (આઠમું)

(૩) દુનિયાની પ્રથમ થ્રી ડી પ્રિન્ટરથી બનેલી ઓફિસ ક્યાં બની ?
- દુબઇ

(૪) તાજેતરમાં અમેરિકાની ૬૦ ધનવાન મહિલાઓની યાદીમાં કઇ બે મૂળ ભારતીયને સ્થાન મળ્યું ?
- નીરજા શેટ્ટી (૧૬ મું)
- જયશ્રી ઉલ્લાસ (૧૩ મું)